# આઈએનઆઈએફડીમાં પ્રિ-નવરાત્રી સૅલિબ્રેશન



રાત્રી બીફોર નવરાત્રી, નામક ઈવેન્ટ નું આયોજન આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં પ્રિ - નવરાત્રી સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.



આઈએનઆઈએફડી, ગાંધીનગરની રાત્રી બીફોર નવરાત્રીમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ટ્રેડિશનલ ડ્રેસીસ પહેરીને મન મૂકીને ગરબાનો આનંદ લીધો હતો.

## જન્મદિને વધામણી



**મહેન્દ્રભાઈ ભાવસાર**
ડિસ્ટ્રીક્ટ ચેરમેન,
રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪
પ્રમુખ, ભાવસાર મિત્ર મંડળ
સભ્ય, કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૪ ૬૩૮૩૫



**ક્રિપેન (હિરેન)**
**હેમંતભાઈ શ્રીમાળી**
મો. ૯૭૨૨૬ ૬૧૩૨૯

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસાવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## સરકારી આર્ટ્સ કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૦

સરકારી વિનયન કૉલેજ ગાંધીનગરનાં, NCC ગર્લ્સ યુનીટની કેડેટ અરૂણા બી. નંદાણિયાએ કૉલેજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ ના અભ્યાસ ની સાથોસાથ NCC - ગર્લ્સ અંતર્ગત શૂટિંગની તાલીમ લઈને ઉત્તરોત્તર પ્રગતિ કરી ગુજરાત ટીમમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને ચંદીગઢ મુકામે યોજાયેલ રાષ્ટ્રીય સ્તરના કેમ્પ માં સ્થાન મેળવીને અનેરી સિદ્ધિ હાંસલ કરેલ છે. કૉલેજના NCC - ગર્લ્સ ANO લેફ્ટ. ડૉ. માધવી ઉપાધ્યાય, આચાર્ય ડૉ. એચ. ડી. ભાલોડિયા તથા કોલેજ પરિવારે કૉલેજના ગૌરવ એવાં કૅડેટ અરૂણા બી. નંદાણિયાને આ તકે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.



## આજે ગાંધીનગર શહેરમાં બાળુડાના ગરબા કાર્યક્રમ

### થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે સાંજે ૬ કલાકે આયોજન

ગાંધીનગર, તા. ૧૦

માનસિક-શારીરિક વ્યક્તિઓ માટેના વિશિષ્ટ ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા'નું આયોજન બીજા નોરતે થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સાધના પેરેન્ટ્સ એસોસિએશનના પ્રમુખ ગંગારામભાઈ પટેલ અને ગ્રો ફાઉન્ડેશનના પ્રમુખ જિજ્ઞેશ રાવલે જણાવ્યું છે કે માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના સર્વાંગી વિકાસ અર્થે ગાંધીનગરમાં કાર્યરત સંસ્થા જી ઈ ક્લબ, 'ગ્રો' અને ગાંધીનગર પેરેન્ટ્સ એસોસિએશન ફોર મેન્ટલી ચેલેન્જડ "સાધના" દ્વારા થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચરલ ક્લબ તથા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ઍજ્યુકેશન સૅન્ટર 'વિશેષ'ની સહાય ઉપરાંત સાથી સંસ્થાઓના સહકારથી શારીરિક-માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખાસ ગરબા ઉત્સવ 'બાળુડાના ગરબા'નું આયોજન પ્રતિવર્ષ નવરાત્રી પર્વ દરમ્યાન કરવામાં આવે છે. આ વખતે ૧૪મા વર્ષે પણ આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. થનગનાટ ગરબા ગ્રાઉન્ડ, ચ-૩ પાસે, સૅક્ટર-૧૧ ખાતે ૧૧મી ઑક્ટોબર ને ગુરુવારના રોજ સાંજે ૬ કલાકે આ ગરબા કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં માનવસ્મૃતિ શાળા , સમર્પણ મૂક-બધિર શાળા (સેક્ટર-૨૮), અંધ શાળા (સેક્ટર-૧૬), સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર (સેક્ટર-૧૩), સ્મૃતિવિકાસ શાળા (પ્રાંતિયા), સંવેદન (સેક્ટર-૬) ઉપરાંત ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ ભાગ લેશે, જેમની સાથે સંસ્થાના સભ્યો, સેવાપ્રેમી-કલાપ્રેમી નગરજનો અને ગરબાના ખેલૈયાઓ પણ સપરિવાર જોડાશે. નગરના કલા-સેવાપ્રેમી નગરજનોને પણ આ વિશિષ્ટ ગરબા કાર્યક્રમમાં જોડાવા માટે તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

## શ્રીમતી એમ બી પટેલ કન્યા સ્કૂલની વિદ્યાર્થિનીઓ ખેલ મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતિય વિજેતા ક્રમ મેળવ્યો હતો.

આ ટીમે ધોળાકૂવા ખાતે આયોજિત જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો અને દ્વિતિય વિજેતા ક્રમ મેળવ્યો હતો. આચાર્ય નીરૂબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ટીમ આગામી દિવસોમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહી છે, જે માટે તેમણે સમગ્ર ટીમને શુભકામનાઓ પણ પાઠવી હતી.

## કુ. રેસા પરમાર પીઍચડી થયાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરનાં રહેવાસી અને બી કે મોદી સરકારી ફાર્મસી કૉલેજ, રાજકોટનાં વ્યાખ્યાતા કુ. રેસા પ્રવીણભાઈ પરમાર પીઍચડી થયાં છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કે બી ફાર્મસી ઈન્સ્ટીટ્યુટ, ગાંધીનગરના સહપ્રાધ્યાપક ડૉ. નિરંજન એસ કલકીના માર્ગદર્શન હેઠળ 'આર્થરાઈટીસ માટે હર્બલ ટ્રાન્સડરમલ ડ્રગ ડિલીવરી સિસ્ટમ' વિષયે તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલા મહાશોધ નિબંધને માન્ય રાખી યુનિવર્સિટી દ્વારા તેમને પીઍચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

## ઈન્ટરકૉલેજ બેડમિન્ટન સ્પર્ધામાં માણેકલાલ ઈન્સ્ટીટ્યુટ વિજેતા

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા કડી કેમ્પસ ખાતે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાજેતરમાં કડી કેમ્પસ ખાતે ઈન્ડોર સ્ટેડિયમમાં બેડમિન્ટનની ઈન્ટરકૉલેજ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી માણેકલાલ એમ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ ઍન્ડ રિસર્ચની બહેનોની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી.

ટીમ મેમ્બર વૈભવી, જાહ્નવી, નીસરા, કિન્નરીને કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહ, પ્રો. હરેશ વનાર તરફથી સમગ્ર કૉલેજ પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બી. સી. એ. કોલેજ ખાતે ડેટા માઈનિંગ વિષે વર્કશોપ



ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા બી.સી.એ.ના વિદ્યાર્થીઓએ માટે "WEKA-A Data Mining Tool" વિષય પર દ્વિ દિવસીય "હેન્ડ્સ ઓન વર્કશોપ" કોલેજ ખાતે યોજાયો હતો. આ સેમિનારમાં વિષય તજ્જ્ઞ તરીકે ડો. નિસર્ગ પાઠકે સેવાઓ આપી હતી. કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપ પૈકીના આ પાંચમા સેમીનાર વિષે વિસ્તૃત માહિતી આપતા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ઘરમાં, ઓફિસમાં કે બિઝનેસમાં વપરાતા અગત્યના ડેટા કે ઈન્ફોર્મેશનનું એનાલિસિસ કરી, તેનો ઉપયોગ આ જ બિઝનેસનો વ્યાપ વધારવા કે નવો બિઝનેસ શરુ કરવામાં આવેતો સફળતા ઝડપથી મળે છે. પરંતુ આ સફળતા, ડેટાનું એનાલીસીસ કેવી રીતે કરો છો તેના પર આધારિત છે. આં વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને આવા ડેટા પર "Data Mining" ટેકનીકનો ઉપયોગ કરી કોઈ ચોક્કસ પેટર્નનું એનાલીસીસ કમ્પ્યુટર અને "WEKA-A Data Mining Tool" સોફ્ટવેરની મદદથી કેવીરીતે કરવું તે વિષે માહિતી આપવામાં આવી હતી.

વિષય તજ્જ્ઞ ડો. નિસર્ગ પાઠકે આ વર્કશોપમાં ડેટા મઈનિંગની વિવિધ ટેક્નિક જેવીકે કલાસિફિકેશન, કલસ્ટરીંગ, એસોસિએશન રુલ માઈનિંગ, બોક્સપ્લોટ, ટ્રી અને આઉટલાયર એનાલિસિસ વિષે વિસ્તૃત માહિતી આપી હતી અને માઈનિંગના વિવિધ પ્રોજેક્ટ્સનું વિડિયો પ્રેસંટેશન દર્શાવ્યું હતું. નવા ડેટા-સેટ કેવી રીતે બનાવાય અને વિવિધ ડેટા-સેટ પર માઈનિંગ ટેક્નિક કઈ રીતે અપ્લાઈ કરાય તેની માહિતી તેઓએ આપી હતી અને અંતમાં ડેટા- વેરહાઉસિંગ અને ડેટા માઈનિંગને લગતા વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સમાધાન આપ્યું હતું.

આ સમગ્ર સેમિનારમાં બંને દિવસ દરમિયાન ૭૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારનું આયોજન પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. રૂપેશ વ્યાસ અને ડો. રિચા મેહતા દ્વારા ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ મૂક-બધિર શાળાની મુલાકાતે



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ -૪માં અભ્યાસ કરતા ૩૦૦ વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૮માં કાર્યરત મૂક-બધિર શાળાની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ મૂકબધિર વિદ્યાર્થીઓ સાથે આનંદપૂર્વક સમય વિતાવ્યો હતો તેમજ તે કેવી રીતે માહિતી મેળવે છે તે વિષે પણ જાણકારી મેળવી હતી.

## હેલમેટ અને સીટ બેલ્ટ ન પહેરવાને કારણે દરરોજ ૧૭૭ લોકોનાં મોત થાય છે

ન્યુ દિલ્હી, તા. ૧૦

દેશમાં દર વર્ષે હજારો લોકોના મોત રોડ અકસ્માતમાં થાય છે. જેમાં ઘણાં મામલા એવા હોય છે કે જેનામાં ભૂલો બીજાની નહીં પરંતુ પોતાની હોય છે. હંમેશા લોકો ટુવ્હીલર પર હેલ્મેટ ન પહેરવી કે કારમાં સીટ બેલ્ટ ન પહેરવા જેવી લાપરવાહી કરી બેસે છે. જેનું પરિણામ તેમને પછીથી ભોગવવું પડે છે. એક ખબર પ્રમાણે વર્ષ ૨૦૧૭માં હેલમેટ ન પહેરવાને કારણે દરરોજ ઓછામાં ઓછા ૯૮ ટૂ-વ્હીલર રાઈડર્સ અને સીટ બેલ્ટ ન પહેરવાને કારણે ૭૯ કારમાં બેઠેલા લોકોના મોત અકસ્માતમાં થયા છે. આ ઉપરાંત ડ્રાઈવ કરતી વખતે ફોન પર વાત કરતા દરરોજ ૯ લોકોના મોત થાય છે.

આ રોડ અકસ્માત રિપોર્ટ રાજ્ય પોલીસ અને ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાંથી મળેલ ડેટા પ્રમાણે બનાવેલ છે. ૨૦૧૬ના પ્રમાણમાં ૨૦૧૭માં ઓછા લોકોના મોત નીપજ્યા છે પરંતુ સેફ્ટી ગિયર અને ડિવાઈસિસનો ઉપયોગ યોગ્ય રીતે ન કરવાને કારણે થનારી મોતનો આંકડો વધ્યો છે. ૨૦૧૭માં અકસ્માત દરમિયાન હેલમેટ ન હોવાને કારણે ૩૬૦૦૦ લોકોની મોત થઈ છે.

## ઍમ બી પટેલ સ્કૂલ ખેલ મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થીઓએ રમતગમતમાં સુંદર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં આ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી સ્વામીનારાયણ ધામ, ધોળાકુવા ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ વિભાગની કબડ્ડી સ્પર્ધામાં શાળાની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. ટીમ મેનેજર નદીમ મેમણ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા કેવી રીતે બન્યા ?

**॥ બીજો મણકો ॥**

**પત્ની કસ્તૂરબા**

પત્નીએ પણ મોહનદાસને મહાત્મા બનાવવામાં કોઈ કચાશ નહોતી રાખી. ગાંધીજીનાં બધાં જ કામોમાં તેઓ સાથે ને સાથે જ રહ્યાં હતાં. તેમણે ગાંધીજીને સૌથી મોટી એક વાત શીખવી હતી કે તમે સામેની વ્યક્તિના વિચારો સાથે અભિગમ સાથે સંમત છો કે નથી એ અગત્યનું નથી, પરંતુ જો તમારા મનમાં એ વ્યક્તિ અંગે સ્નેહ હોય તો તમારે એને અનુકૂળ થવાનું જ છે. દેશ માટે કંઈપણ કરી છૂટવાની તમન્નાવાળા ગાંધીજી શરૂઆતમાં કસ્તૂરબા માટે એટલા ઉદાર નહોતા. એમની આશ્રમ વ્યવસ્થાથી કે પાયખાનાં સાફ કરવાની વાતથી કસ્તૂરબા સંમત નહોતા. ગાંધીજીએ સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે જો તેઓ એમ ન કરી શકે એમ હોય તો એમણે આશ્રમમાં રહેવું નહીં. એનો અર્થ એ થયો કે ગાંધીજી સાથે પણ રહેવાનું નહીં. આશ્રમની બહાર કાઢી મૂકવામાં આવેલાં કસ્તૂરબા એક જ દલિલ સાથે આશ્રમમાં પાછાં વળી ગયાં, 'બીજું બધું સહેવાશે પણ તમારાથી દૂર રહેવું નહીં સહેવાય.' આકંઠ પ્રેમ કોને કહેવાય અને કેમ કરાય એ ગાંધીજીને કસ્તૂરબાએ શીખવ્યું ને એવો જ પ્રેમ ગાંધીજીએ સમગ્ર દેશને, જીવમાત્રને કર્યો એવું જાણકારો કહે છે.

150 ગાંધીયાત્રા

કસ્તુરબા (૧૧ એપ્રિલ ૧૮૬૯–૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪), તેમને પ્રેમથી બધા 'બા' કહેતા. તેમનાં લગ્ન ૧૩ વર્ષની ઉંમરે થયા હતા. લગ્ન સમયે તેઓ નિરક્ષર હતા, બાદમાં ગાંધીજીએ તેમને લખતા-વાંચતા શીખવ્યું હતું. કસ્તુરબા ગાંધીજીની સાથેસાથે જ રાજકીય ચળવળોમાં જોડાયેલા રહ્યા. તેઓ ૧૮૯૭માં ગાંધીજીની સાથે દક્ષિણ આફ્રિકા ગયા. ૧૯૦૪થી ૧૯૧૪ દરમિયાન તેઓએ ડર્બન નજીક 'ફિનિક્સ આશ્રમ'ની પ્રવૃતિઓમાં સહયોગ આપ્યો. ૧૯૧૩માં દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની દારૂણ કામકાજી સ્થિતી વિરૂધ્ધ ચાલેલા આંદોલન દરમ્યાન તેઓની ધરપકડ થઈ અને ત્રણ માસની સખત કેદની સજા થઈ. પછીથી, ભારત આવ્યા પછી ઘણી વખત, જ્યારે ગાંધીજીને કેદ કરવામાં આવતા ત્યારે તેમણે તેમનાં સ્થાને નેતૃત્વ કર્યુ. ૧૯૧૫માં જ્યારે ગાંધીજી 'ગળીના મજુરો' (ગળી ઉત્પાદન સાથે જોડાયેલા કામદારો, ખેડુતો)ના ટેકામાં આંદોલન કરવા ભારત આવ્યા ત્યારે કસ્તુરબા પણ તેમના સહભાગી બન્યા. તેઓ કામદારોનાં બાળકો અને સ્ત્રીઓને સ્વચ્છતા, શિસ્ત અને વાંચન-લેખન શિખવતા.

કસ્તુરબા બ્રોંકાઈટિસના દર્દથી પિડાતા હતા. ભારત છોડો આંદોલનની ધરપકડો અને આશ્રમની કઠોરતા જેવી તણાવભરી જીંદગીથી તેઓ બિમારીમાં પટકાયા. જેલવાસ દરમ્યાનજ અતિ નબળાઇ અને ગંભીર હ્રદય રોગના હુમલાથી તેમનું ૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪ના રોજ અવસાન થયું હતું. કસ્તૂરબાના અવસાન વેળા એક હ્રદયસ્પર્શી વાત આ ઉમદા યુગલ વચ્ચે સર્જાઈ હતી, જે ક્યારેય ન ભૂલી શકાય તેવી છે.



અંત સમયે કસ્તૂરબા બ્રોન્કાઈટીસના દર્દથી પીડાતા હતા અને તેમને ખૂબ જ ખાંસી આવતી હતી. તેઓ બોલી શકે એવી સ્થિતિમાં જ નહોતા, બોલવા જાય તોય ખાંસી આવતી હતી. ખાઈ-પી પણ શકતાં નહોતાં. એ પથારીવશ જ રહેતાં હતાં, શારીરિક રીતે ખૂબ નબળાં પડી ગયાં હતાં. અને અંગ્રેજોએ એમને માનસિક રીતે નબળાં પાડવામાંય કોઈ કચાશ નહોતી રાખી. હજુ તો કસ્તૂરબા જીવતાં હતાં ને જેલના પ્રાંગણમાં ચિતા માટેનાં લાકડાં ખડકી દેવામાં આવ્યાં હતાં. કેમ જાણે એમની મોતની રાહ જોવાતી હોય એમ તૈયારીઓ થતી હતી અને એય એમની નજરની સામે જ થતી હતી ! અલબત્ત, કસ્તૂરબાને પોતાનું મરણ દેખાઈ ચૂક્યું હતું અને ખાતરી થઈ ચૂકી હતી કે હવે તેઓ પથારીમાંથી ઊઠી શકે તેમ નથી. આવા સંજોગોમાં એકવાર ગાંધીબાપુ પાસે બેઠા હતા ત્યારે તેમણે આ મતલબની વાત કરી હતી, 'મને લાગે છે કે હું હવે ઉઠી નહીં શકું. મારો અંતિમ સમય આવી ગયો છે. શક્ય છે કે મારા પ્રાણ અહીં જેલમાં જ નીકળી જાય.'

'શક્ય છે કે તમારા પ્રાણ જેલમાં નીકળી જાય.' ગાંધીજી બોલ્યા. 'જો તમારું મૃત્યુ જેલમાં થશે તો હું તમને દેવી ગણીશ.'

અને થયું પણ એવું જ. કસ્તૂરબાએ જેલમાં જ પ્રાણ ત્યજ્યા. એ પછી ગાંધીજીએ એમને દેવી જ ગણ્યાં છે.

ગાંધી આશ્રમ, સાબરમતીમાં ગાંધીજીની આ મતલબની ઉક્તિ પણ તસવીર સ્વરૂપે મૂકવામાં આવી છે. કસ્તૂરબા એક દેવી બનીને મારી જિંદગીમાં આવ્યાં હતાં, જેમણે મારા જીવનને ઉજાળ્યું.... એ મતલબની વાત ગાંધીજીના શબ્દો અભિવ્યક્ત કરે છે.

જેમ કસ્તૂરબાને અક્ષરજ્ઞાન ગાંધીજીએ આપ્યું એમ જ ગાંધીજીની સાથે રહીને એ જાહેર જીવનમાં આવ્યાં અને લોકસેવાનાં કામો પણ ગાંધીજી સાથે રહીને કરતાં થયાં. જાહેરમાં પ્રવચન કરતાં પણ ગાંધીજીને કારણે જ શીખ્યાં એવુંય જાણકારોને યાદ છે. એક વખત જાહેર સભા નિયત થઈ ચૂકી હતી અને ગાંધીજીને એમાં ભાષણ કરવા જવાનું હતું. પરંતુ ત્યારે ગાંધીજીનો પ્રભાવ ઘણો હતો, અંગ્રેજ સરકાર પહેલેથી જ સતર્ક થઈ ચૂકી હતી. એટલે વહેલી સવારે જ ગાંધીજીના ઉતારા બહાર પોલીસ આવીને ઊભી રહી ગઈ. અમલદારે જણાવ્યું કે તમારી ધરપકડ કરવાના આદેશ છે. ગાંધીજીને જેલમાં જવા માટે કોઈ વાંધો નહોતો, એમણે સંમતિ દર્શાવી. કસ્તૂરબાને કહ્યું, મારી ધરપકડ કરવાના આદેશ છે, એટલે હું જાઉં છું. કસ્તૂરબાએ પૂછ્યું, 'પણ આજે તો તમારે સભામાં ભાષણ કરવાનું હતું, તમે જશો તો પછી ભાષણનું શું થશે ?' ગાંધીજીએ હસીને કહ્યું, 'મારી ધરપકડના આદેશ છે.' કસ્તૂરબા કંઈ સમજ્યાં નહીં, ચૂપ રહ્યાં. ગાંધીજીએ ફરી કહ્યું, 'મારી ધરપકડના આદેશ છે, તમે તો છો. મારા બદલે ભાષણ તમે કરજો.'

ગાંધીજી દ્વારા હળવાશથી કહેવાયેલી આ વાત જાણે આદેશ હોય એમ કસ્તૂરબાએ સ્વીકારી લીધી હતી અને પછી સભામાં ભાષણ એમણે કરેલું. આ દિવસથી જાહેરમાં એ ભાષણ કરવા લાગ્યાં ને અંગ્રેજ સરકારને એમનાથીય ડર લાગવા માંડ્યો. પછીથી તો આવા કોઈ કાર્યક્રમ પૂર્વે ગાંધીજીની સાથે એમનીય ધરપકડ કરી લેવામાં આવી હોય એવા કિસ્સા એકથી વધુ વખત બન્યા હતા.

સરવાળે, ગાંધીજીએ કસ્તૂરબાને પણ પોતાના રંગે રંગી લીધાં હતાં અથવા એમ કહી શકાય કે કસ્તૂરબા પોતાની જાત ગાંધીજીને સંપૂર્ણ સમર્પિત કરીને પોતે જ મોહન બની ગયાં હતાં.

**- કુંતલ નિમાવત**